# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-03-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) **કેન્દ્ર સરકાર રાજ્યમાંથી બે લાખ મેટ્રિક ટન ઘઉંની ટેકાના ભાવે ખરીદી કરશે**
2) **આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ડાયાબિટિક બાળકોને નિયમિત ઈન્સ્યુલિન આપવા માતાપિતાને અનુરોધ કર્યો**
3) **ઈજનેરી અને ફાર્મસી શાખાના પ્રવેશ માટેની ગુજકેટની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ**
4) **સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રાની પેપર મિલમાં લાગેલી આગ પર 24 કલાક બાદ કાબૂ મેળવાયો**
5) **આગામી ત્રણ દિવસમાં રાજ્યના તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા**

......................................................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# WHEAT KHARIDI

કેન્દ્ર સરકાર ગુજરાતમાંથી બે લાખ મેટ્રિક ટન ઘઉંની ખરીદી ટેકાના ભાવે કરશે. આ જાહેરાત ખાદ્ય અને જાહેર વિતરણ વ્યવસ્થાના રાજ્યકક્ષાના મંત્રી નિમુબેન બાંભણિયાએ રાજકોટના પડધરીમાં ઘઉં ખરીદ કેન્દ્રની મુલાકાત દરમ્યાન કરી હતી. આ સાથે તેમણે જણાવ્યું કે કેન્દ્ર સરકારે ટેકાના ભાવે ઘઉં ખરીદીની મુદત વધારીને 5 એપ્રિલ કરી છે. દેશમાં કુલ 38 લાખ મેટ્રિક ટન ઘઉંનું ઉત્પાદન થયું છે. જેમાંથી 12 લાખ મેટ્રિક ટન ઘઉંનો રાશન માટે ઉપયોગ થશે. જેમાંથી કેન્દ્ર સરકાર બે લાખ મેટ્રિક ટન ઘઉંની ખરીદી ટેકાના ભાવે ગુજરાતમાંથી કરશે. સરકાર પણ સફાઈ કરેલા ઘઉં ખરીદી રહી છે ત્યારે ઘઉંની સફાઈ માટે પડધરી ઘઉં ખરીદ કેન્દ્ર ખાતે બે મશીન મૂકવામાં આવશે. ઘઉં ખરીદ્યા બાદ ૪૮ કલાકમાં ખેડૂતોના ખાતામાં પૈસા જમા થઈ જશે, તેવી વ્યવસ્થા કાર્યરત કરવામાં આવી છે.

# RUSHIKESH PATEL MADHU MELA

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ડાયાબિટિક બાળકોને નિયમિત ઈન્સ્યુલિન આપવા માતાપિતાને અનુરોધ કર્યો છે. મહેસાણા જિલ્લાના વિસનગર સ્થિત જી.ડી. હાઈસ્કુલ ખાતે મધુમેલા કાર્યક્રમમાં શ્રી પટેલે ડાયાબિટીક બાળકો સાથે સંવાદ કરી માર્ગદર્શન આપ્યું હતું. રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની ટીમે જિલ્લાના 230 ડાયાબિટીક બાળકોની ઓળખ કરી.

(બાઇટ: ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

# MEHSANA LOGO

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે આજે મહેસાણા મહાનગરપાલિકાનો લોગો લોન્ચ કરાયો હતો. તેમણે જણાવ્યું હતું કે મહેસાણા નગરપાલિકાનું બજેટ 100 કરોડ રૂપિયા હતું જે હવે મહાનગરપાલિકા બનતા 900 કરોડ રૂપિયા કરતાં વધુનું થયું છે. જેને લીધે મહેસાણાનો વિકાસ ઝડપી બનશે.

(બાઇટ: ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

આ લોગો તૈયાર કરવા માટેની સ્પર્ધામાં 254 સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જે પૈકી બે સ્પર્ધક દ્વારા તૈયાર થયેલા લોગોને ઔપચારિક લોગો તરીકે જાહેર કરાયો. આ બંને સ્પર્ધકને 21 હજાર રૂપિયાનું ઇનામ અપાયું હતું.

# SURAT C R PATIL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલે જણાવ્યું, પાણી બચાવવા માટે દેશમાં 8 લાખ 55 હજાર સ્ટ્રક્ચર બન્યા છે. સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના મોરા ગામ ખાતેથી 27 હજાર 300 કામોનું ઇ-ખાતમુહૂર્ત કરતાં શ્રી પાટીલે જણાવ્યું કે સુરત જિલ્લામાં 37 હજાર સ્ટ્રક્ચર બનાવાશે.

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# BANASKANTHA EXPO

**બનાસકાંઠા જિલ્લાના થરાદ ખાતે બિઝનેસ એક્સપો 2025 યોજાયો જેમાં વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ મુલાકાત કરી હતી. શ્રી ચૌધરી એ જણાવ્યું કે આગામી સમયમાં આ વિસ્તારમાં વધુ વિકાસ થાય તેવા પ્રયાસો કરાશે.**

**(બાઇટ: શંકર ચૌધરી)**

# DWARKA ATAKAYAT

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં કારમાં સક્ષમ અધિકારીના હોદ્દા સાથેના બોર્ડ લગાવેલી કાર ચલાવતા યુવકને પોલીસ ઝડપી લીધો હતો. જેમાં પોલીસે તપાસ કરતાં એક યુવતીનું નામ પણ બહાર આવ્યું હતું. પોલીસે આ બંનેની અટકાયત કરી છે. આ અંગે નાયબ પોલીસ અધિક્ષક સાગર રાઠોડે વધુ માહિતી આપી.

(બાઈટ: સાગર રાઠોડ, Dy.SP)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GUJCET EXAM

ઈજનેરી અને ફાર્મસી શાખાના પ્રવેશ માટેની ગુજકેટની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ. રાજ્યમાં એક લાખ 29 હજાર વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી. સવારના 10 વાગ્યાથી ચાર વાગ્યા સુધી ત્રણ તબક્કામાં આ પરીક્ષા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં લેવાઈ હતી. રાજ્યના 638 શાળા કેન્દ્રો પર આ પરીક્ષાનું આયોજન કરાયું હતું.

# SURENDRANAGAR AAG

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા પેપર મિલમાં લાગેલી આગ 24 કલાક બાદ કાબૂમાં આવી. ગઈકાલે બપોરે પેપર મિલમાં આગ લગતા નગરપાલિકાના અગ્નિશમન દળની ટીમ પહોંચી હતી છતાં આગ કાબૂમાં ન આવતા અમદાવાદ અગ્નિશમન દળ તેમજ ભારતીય સેનાના જવાનોની મદદ લેવાઈ હતી. ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવાયો હતો. આગની ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.

# WEATHER

આગામી ત્રણ દિવસમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી હવામાન વિભાગે કરી છે. ત્યાર બાદ મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે.

# JAMNAGAR YOGOTSAV

જામનગરની આયુર્વેદ શિક્ષણ અને અનુસંધાન સંસ્થાન દ્વારા યોગોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ITRAના ડાયરેક્ટર વૈદ્ય તનુજા નેસરીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા સામૂહિક યોગાભ્યાસમાં 750થી વધુ યોગ ઉત્સુકો જોડાયા હતા. જેમાં ITRAના કર્મચારી અધિકારી તેમજ WHOના મનજીત સલુજા સહિતના લોકોએ યોગાભ્યાસ કર્યો હતો. ઈત્રના ડાયરેક્ટર તનુજા નેસરી વધુ માહિતી આપી રહ્યા છે.

(બાઈટ- તનુજા નેસરી)

ઉલ્લેખનીય છે કે આયુષ મંત્રાલય, ભારત સરકાર દ્વારા જનજાગૃતિની સાથે યોગમાં પણ લોકો રસ લે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

# DAMAN-ASMITA CITY LEAGUE

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના યુવા બાબતો અને રમતગમત વિભાગ દ્વારા અસ્મિતા સિટી લીગ 2025 મહિલા ફૂટબોલ અને બીચ વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં 120 મહિલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં દમણની કોસ્ટ ગાર્ડ પબ્લિક સ્કૂલે પ્રથમ સ્થાન, ખાનવેલની ઓસ્કાર ફાઉન્ડેશન ટીમે બીજું સ્થાન જ્યારે દપરાની સિક્રેટ હાર્ટ સ્કૂલે ત્રીજું સ્થાન મેળવ્યું હતું. અસ્મિતા સિટી લીગનો મુખ્ય ઉદ્દેશ્ય દેશભરમાં વિવિધ વય જૂથોની મહિલા ખેલાડીઓની ભાગીદારી વધારવા અને તેમને સ્પર્ધાનો અનુભવ પ્રદાન કરવાનો છે.

# RAJKOT ZOO

રાજકોટ પ્રાણી સંગ્રહાલયમાં પ્રાણી-પક્ષીઓને ગરમીથી રક્ષણ મળી રહે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. મોટા કદના પ્રાણીઓ જેવા કે સિંહ, વાઘ, દિપડા, રીંછ વિગેરેના પાંજરામાં પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે જેમાં પ્રાણીઓ પાણીમાં બેસી ગરમીથી રાહત મેળવે છે. પાંજરામાં ફુવારા સીસ્ટમ ગોઠવવામાં આવી છે. જેથી પાંજરાનું વાતાવરણ ઠંડુ રહી શકે. પ્રાણીઓને બેસવા માટે ખાસ પ્રકારના વુડન શેલ્ટર પણ બનાવવામાં આવ્યા છે.

# ALL INDIA POLICE AQUATIC

ગાંધીનગરમાં 24થી 28 માર્ચ દરમિયાન 72મી ઓલ ઇન્ડિયા પોલીસ એક્વેટીક્સ ક્લસ્ટર ચેમ્પિયનશિપ 2024-25 યોજાશે. કેન્દ્રીય અનામત પોલીસ દળ દ્વારા આયોજિત આ સ્પર્ધામાં 27 રાજ્યોના 572 રમતવીરો સહભાગી થશે.

ગુજરાતના પોલીસ મહાનિદેશક વિકાસ સહાયની ઉપસ્થિતિમાં સ્પર્ધાનું ઉદઘાટન થશે અને 28મીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સમાપન થશે.

સ્પર્ધામાં વિવિધ એક્વેટીક્સ અને ક્રોસ કન્ટ્રી સહિતની ચાર સ્પર્ધાઓ યોજાશે. આ ઉપરાંત ૨૬મી માર્ચના રોજ ચિલોડા રોડ, ગાંધીનગર ખાતે સ્થિત CRPF ગ્રુપ સેન્ટર ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# DNH PRADHANMANTRI AWASYOJNA

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી  નગરપાલિકા દ્વારા ‘પ્રધાનમંત્રી આવાસ યોજના”ના બીજા તબક્કા માટેની નોંધણી પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ થશે. નોંધણી પ્રક્રિયા ઓફલાઈન અને ઓનલાઈન નિઃશુલ્ક કરવામાં આવશે. લાયક લાભાર્થી પોતે પણ વેબ પોર્ટલના માધ્યમથી નોંધણી કરાવી શકે છે.

પાલિકા દ્વારા કોઈ પણ ખાનગી સંસ્થા કે વ્યક્તિને ધન એકત્ર કરવા માટે અધિકૃત નથી કરવામાં આવ્યા. જેથી નાગરિકોને નગરપાલિકા કાર્યાલય બહારના અન્ય વ્યક્તિઓ દ્વારા આ વેબસાઈટ પર અરજી કરવા માટે પૈસા ન આપવા જણાવવામાં આવ્યું છે.,

સેલવાસ નગરપાલિકા દ્વારા આ યોજના અંતર્ગત ઓનલાઈન આવેદન કે નોંધણી કરાવવા માટે એક હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવી છે.